ખેડબ્રહ્માના મટોડા ખાતે "હેલ્થ મેળો" યોજાયો

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના મટોડા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં જીલ્લા પંચાયતના પ્રમુખ ધીરુભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને હેલ્થ મેળો યોજવામાં આવ્યો હતો. આ "હેલ્થ મેળા" માં આરોગ્ય વિભાગ દ્વારા સમયસર અને ગુણવત્તાસભર સેવાઓ મળી રહે તે અંગે જાણકારી આપવામાં આવી. આ મેળામાં આઈ.ડી, મોતિયાની તપાસ ઉપરાંત સ્પેશ્યાલિસ્ટમા પીડિયાટ્રીશીયન, ફીજીશિયન, ગાયનેક, ઓર્થોપેડિક, ડેન્ટીસ્ટ, સ્કીન, ઈ. એન. ટી, ટેલી કન્સલ્ટેશનની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી અને કોરોના સમયગાળા દરમ્યાન આરોગ્ય વિભાગ દ્વારા આપેલ સેવાઓ અંગે સ્ટાફને બિરદાવવામાં આવ્યા હતા. આરોગ્ય મેળામાં વિવિધ પ્રકારની તબીબી સેવાઓનો લાભ સાથે અલગ અલગ આરોગ્યલક્ષી માહિતી પૂરી પાડતા સ્ટોલ ગોઠવીને વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. તેમજ આયુષ્યમાન ભારત કાર્ડ સ્થળ પર કાઢી આપવામાં આવ્યા હતા. સાબરકાંઠા જીલ્લા પંચાયત પ્રમુખ ધીરુભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા બ્લોક હેલ્થ મેળાઓ યોજીને લોકોને ઘર આંગણે જ આરોગ્યલક્ષી સુવિધાઓ પુરી પાડવાનો અભિગમ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં આરોગ્ય મેળામાઁ સ્ત્રછરૂ કાર્ડ સહિત વિવિધ આરોગ્યલક્ષી સુવિધાઓનો લાભ લોકો સરળતાથી અને વિના મૂલ્યે લઈ શકશે. રાજ્ય સરકારના આ અભિગમનો ઉપયોગ કરીને આરોગ્ય મેળાનો વધુમાં વધુ લાભ લેવા માટે લાભાર્થીઓને અનુરોધ કર્યો હતો.આ આરોગ્ય મેળામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રાજેશ પટેલ, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. કિશોરસિંહ ચારણ, ખેડબ્રહ્મા મામલતદાર હેતલ વસૈયા, પ્રાન્ત અધિકારી એચ.યુ.શાહ, આરોગ્ય સમિતિના ચેરમેન શંકરભાઈ બેગડીયા, તાલુકા ભાજપ પ્રમુખ સુરેશભાઈ પટેલ, તાલુકા આરોગ્ય અધિકારી કટારા તથા આંગણવાડી કાર્યકરો અને લાભાર્થીઓ મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ધનસુરા ખાતે પ્રધાનમંત્રી જન આરોગ્ય મેળાનું આયોજન

ધનસુરા ખાતે પ્રધાનમંત્રી જન આરોગ્ય મેળા નું આયોજન કરવામાં આવ્યું હતું ધનસુરા સી.એચ.સી ખાતે બ્લોક હેલ્થ મેળા નું આયોજન કરવામાં આવ્યું હતું. જનતાની સુખાકારી માટે નેશનલ હેલ્થ મિશન અંતર્ગત પ્રધાનમંત્રી જન આરોગ્ય મેળા નું આયોજન કરવામાં આવ્યું હતું રાજ્ય સરકાર ના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર અરવલ્લી ના માર્ગદર્શન હેઠળ ધનસુરા તાલુકા આરોગ્ય કચેરી દ્વારા આ આયોજન કરવામાં આવ્યું હતું આ હેલ્થ મેળા માં લોકો એ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. મેળામાં આરોગ્ય સંભાળ સેવાઓ, વિનામૂલ્યે તપાસ, વિનામૂલ્યે દવાઓ આપવી, હેલ્થ આઈડી જનરેટ કરવા, આયુષ્યમાન ભારત કાર્ડ, યોગા ટેલી કન્સલ્ટેશન સહિત ની વિવિધ સુવિધાઓ રાખવામાં આવી હતી. લાભાર્થીઓને સ્થળ ઉપર નિદાન અને સારવારનો લાભ મળ્યો હતો.આયુર્વેદિક વિભાગ તરફથી પણ લોકોને સેવાનો લાભ અપાયો હતો આ કાર્યક્રમ માં જિલ્લા આરોગ્ય અધિકારી આર.જે.શ્રીમાળી, ધનસુરા મામલતદાર,ધનસુરા ના સરપંચ હેમલત્તાબેન પટેલ, તાલુકા પંચાયત ના પ્રમુખ, તાલુકા આરોગ્ય અધિકારી જે.કે.પ્રણામી, ડો.શિરીષભાઈ શાહ, ડો.શાન્તિલાલ, ડો.ભરતભાઈ,નરેન્દ્રભાઈ પટેલ, અતુલભાઈ બ્રહ્મભટ્ટ, મોનાબેન પરમાર, ચિંતલબેન, મહેશભાઈ, યોગેન્દ્રભાઈ સહિત આરોગ્ય કર્મચારીઓ અને લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાંતિજના તાજપુર ખાતે રાષ્ટ્રીય પક્ષી મોરને કુવામાંથી રેસ્ક્યુ કરી બચાવી લેવાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના તાજપુર ખાતે કુવામા પડેલ રાષ્ટ્રીય પક્ષી મોર ને રેસ્ક્યુ દ્વારા બચાવી લેવામા આવ્યો હતો. પ્રાંતિજના તાજપુર ગામની સીમ માં કેશાભાઈ બેચરભાઈ પટેલ ના ઊંડા અવાવરું કૂવામાં રાષ્ટ્રીય પક્ષી મોર પડી જતા રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું તો આ ઘટનાની જાણ પ્રાંતિજ પોલીસ પ્રાંતિજ ફાયર ટીમ તેમજ ફોરેસ્ટ વિભાગ ની ટીમ મ તાત્કાલિક રાષ્ટ્રીય પક્ષી મોર ને બચાવવા ઘટનાસ્થળે દોડી આવી હતી જયારે દોડી આવેલ ટીમ દ્વારા મોર ને બહાર કાઢી તેને ફોરેસ્ટ વિભાગને સુપરત કરવામાં આવ્યો હતો તો ફોરેસ્ટ ટીમ દ્વારા મોર ને પ્રાંતિજ ખાતે સારવાર અર્થે લઈ જવામા આવ્યો હતો.

ટ્વીટ મામલે વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીની આસામ પોલીસે ધરપકડ કરી

બુધવાર સાંજે ટ્વીટ સંદર્ભે વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીની આસામ પોલીસે પાલનપુર સર્કિટ હાઉસથી ધરપકડ કરી અમદાવાદ એરપોર્ટથી વિમાન માર્ગે આસામ લઈ જવાયા હતા. દરમિયાન અમદાવાદ એરપોર્ટ પર ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ જગદીશભાઈ ઠાકોર સહિત હોદ્દેદારો, સમર્થકોએ આસામ પોલીસના અધિકારીઓ પાસેથી એફ. આઈ. આર. ની નકલ માંગી ધરપકડનું કારણ પુછ્યું હતું, જોકે આસામ પોલીસે કોઈ જવાબ આપ્યો નહોતો. આ સંદર્ભે મિડિયા સાથેની મુલાકાતમાં ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે, બે ટ્વિટ બાબતે આસામ પોલીસે મારી ધરપકડ કરી છે. વડગામ વિસ્તારમાં જીગ્નેશભાઈ મેવાણીના સમર્થકોએ નારાજગી વ્યક્ત કરી ધરપકડને વખોડી કાઢી હતી.

ઉનાળા સુધી પર્યાપ્ત પાણીનો જથ્થો હોવાનો તંત્રનો દાવો

સાબરકાંઠામાં દરરોજ ૬૮ મિલિયન લીટર પાણીનો વપરાશ

૧૫,૩૫,૩૭૦ માનવ વસતી માટે કરકસરથી પાણી ઉપયોગનો સમય : વિવિધ જૂથ યોજનાઓ સાથે ૫૯૩ ગામોનો સમાવેશ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

કાળઝાળ ગરમીનું મોજુ ફરી વળતાં પાણીનો વપરાશ વધી રહ્યો છે. સાબરકાંઠામાં દરરોજ ૬૮ મીલીયન લીટર પાણીનો વપરાશ થઈ રહ્યો છે. જિલ્લામાં વિવિધ જૂથ યોજના મારફતે ૫૯૩ ગામોને આવરી લેવાયા છે. જિલ્લામાં ડેમમાં પાણીની સ્થિતિ ચિંતાજનક છે જેથી પીવાના પાણીનો જથ્થો આરક્ષિત રાખવામાં આવ્યો છે અને સિંચાઈ માટે પાણી આપવાનું બંધ કરાયું છે. જિલ્લાની ૧૫,૩૫,૩૭૦ની માનવ વસતીએ હવે પછીના વર્ષોમાં પાણી માટે સંઘર્ષ મંડરાઈ શકે તેવી સ્થિતિ હોવાથી પાણીનો કરકસર ભર્યો ઉપયોગ સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, તલોદ, પ્રાંતિજ, વડાલી, પોશીના અને વિજયનગર તાલુકાની પ્રજાને પીવાના પાણી માટે કોઈ વિટંબણા ઉભી ન થાય તે માટે વિવિધ જૂથ યોજનાઓ સાથે જે તે તાલુકાના ગામડાઓને સોર્સ આધારીત સમાવેશ થયેલો છે. પાણી પુરવઠા વિભાગ દ્વારા જે તે ગામોની પાણીની જરુરીયાત તેમજ વાર્ષિક જરુરીયાત સહિતના અગાઉથી અંદાજો મેળવ્યા હતા અને તે મુજબ જ્યાં જરુરીયાત હોય તે મુજબના ગામોને પાણી પુરવઠાની જૂથ યોજનાઓ મારફતે પીવાનું પાણી પુરુ પાડવામાં આવે છે. ગત વર્ષે ચોમાસા દરમ્યાન સાબરકાંઠા જિલ્લામાં માત્ર ૭૭,૯૬ ટકા વરસાદ નોંધાયો હતો જેથી શિયાળાના અંતમાં તળાવ, ચેકડેમમાંથી પાણી ઓસરી ગયાં અને જળાશયોમાં ઝડપથી પાણીનો જથ્થો ઘટી રહ્યો છે. ત્યારે ઉનાળા દરમ્યાન જિલ્લાની પ્રજાને પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે પાણી પુરવઠા વિભાગ દ્વારા વિવિધ જૂથ યોજનાઓ માટે પાણીનો જથ્થો આરક્ષિત રખાયો હતો અને તેમાંથી લાભિત ગામડાઓને દરરોજ પીવાનું પાણી પુરુ પાડવામાં આવે છે. સમાવિષ્ટ ગામોની ૧૫૦.૯૮ મીલીયન લીટર દૈનિક જરુરીયાત નોંધાયેલી છે પરંતુ તેની સામે ૬૮.૧૨ મીલીયન લીટર દનિક પાણીનાં વિવિધ જુથ યોજના મારફતે વપરાશ થઈ રહ્યો છે. જિલ્લાના ઈડર તાલુકાના ૪૯ ગામોને ગુહાઈ જુથ પાણી પુરવઠા યોજના મારફતે પાણી આપવામાં આવી રહ્યું છે જેમાં ગુહાઈમાં માત્ર ૧૦ ટકા પાણીનો જથ્થો હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે હિંમતનગર, વિજયનગર તાલુકાના હાથમતી જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ હિંમતનગર, વિજયનગર તાલુકાના ૧૮ ગામો તેમજ નર્મદા કેનાલ આધારીત એસ.કે.-૧ પાણી પુરવઠા યોજના મારફતે હિંમતનગર, તલોદ, પ્રાંતિજ તાલુકાના ૨૭૨ ગામોને પાણી પુરવઠા યોજના મારફતે દૈનિક પાણી આપવામાં આવી રહ્યું છે.

એસ.કે.-૧ યોજનામાંથી સૌથી વધુ દૈનિક ૨૩ મીલીયન લીટર પાણીની માંગ..

એસ.કે.-૧ પાણી પુરવઠા યોજના મારફતે હિંમતનગર, તલોદ અને પ્રાંતિજ તાલુકાના ૨૭૨ ગામોમાં સૌથી વધુ દૈનિક ૨૩ મીલીયન લીટર પાણીનો વપરાશ થઈ રહ્યાનું જાણવા મળ્યું છે.

જૂથ યોજનામાંથી પાણીનો ઉપાડ..

જૂથ યોજના	દૈનિક ઉપાડ
ગુહાઈ જૂથ યોજના	૧.૬૦ એમ.એલ.ડી.
જાલીયા-ઉમેદગઢ જૂ.યો.	૩.૫૦ એમ.એલ.ડી.
દાવડ-લાલપુર જૂ.યો.	૩.૦૦ એમ.એલ.ડી.
ફલાસન-ઉમેદપુરા જૂ.યો.	૩.૫૦ એમ.એલ.ડી.
હાથરવા-ડભોડા-૨ જૂ.યો.	૪.૦૦ એમ.એલ.ડી.
હાથરવા-ડભોડા-૧ જૂ.યો.	૨.૫૦ એમ.એલ.ડી.
વણજ-દેવીનગર જૂ.યો.	૨.૭૫ એમ.એલ.ડી.
ઈડર-વડાલી-ખેડબ્રહ્મા શહેર જૂ.યો.	૧૨ એમ.એલ.ડી.
ખેડબ્રહ્મા ભાગ-૨ જૂ.યો.	૧૨ એમ.એલ.ડી. એસ.કે.-૧ જૂ.યો. ૨૩ એમ.એલ.ડી.
હાથમતી જૂથ પા.પુ.યો.	૦.૨૭ એમ.એલ.ડી.

ઉનાળા સુધી પાણીની તકલીફ નહીં પડે – અધિક્ષક

પાણી પુરવઠા યોજનાના અધિકાક કનુભાઈ બોદરે જણાવ્યું કે સાબરકાંઠા જિલ્લાના ૫૯૨ ગામોને વિવિધ જૂથ યોજના મારફત દૈનિક ૬૮.૧૨ મીલીયન લીટર પાણીનો જથ્થો આપવામાં આવે છે. ઉનાળા દરમ્યાન કોઈપણ ગામડામાં પીવાના પાણીની તકલીફ નહીં પડે તેમ જણાવ્યું હતું.

ચોમાસા દરમ્યાન વરસાદની ટકાવારી..

તાલુકો	વરસાદ (ટકામાં)
હિંમતનગર	૬૬.૩૨
ઈડર	૭૦.૩૦
ખેડબ્રહ્મા	૬૪.૧૭
પોશીના	૧૦૧.૯૦
પ્રાંતિજ	૭૪.૪૯
તલોદ	૭૫.૨૬
વડાલી	૭૬.૭૦
વિજયનગર	૯૪.૬૪

તાલુકાના લાભીત ગામો..

તાલુકો	ગામ
ઈડર	૧૨૮
વડાલી	૪૦
ખેડબ્રહ્મા	૬૪
પોશીના	૧૨
વિજયનગર	૪૭
હિંમતનગર	૧૪૭
પ્રાંતિજ	૬૫
તલોદ	૭૪

અરવલ્લી : હોટલ આગળ ઉભી રહેતી ટ્રાવેલ્સ બસમાં ચોરી કરતી ગેંગ સક્રિય થતા મુસાફરોમાં ફફડાટ, બે બસમાંથી લાખ્ખો રૂપિયાની ચોરી

મોડાસા, તા. ૨૧

શામળાજી નજીક આવેલી હોટલ આગળ ચા-નાસ્તા માટે હોલ્ટ કરતી લકઝરી બસમાં મુસાફરોના માલસામાનની ચોરી કરતી ગેંગ સક્રિય થતા મુસાફરો, ટ્રાવેલ્સ બસના સંચાલકો અને હોટલ માલિકોમાં ફફડાટ ફેલાયો છે બુધવારે રાત્રે આસોપલાવ હોટલ નજીક ઉભી રહેલી લકઝરી બસમાંથી એક મુસાફરના થેલામાં મુકેલા ૪.૭૦ લાખ રોકડાની ચોરી થતા અને ક્રિષ્ના હોટલ આગળ પાર્ક કરેલી લકઝરી બસમાં મુસાફરના થેલામાંથી ૧૫ તોલા સોનાની ચોરી થતા શામળાજી પોલીસ દોડતી થઈ હતી શામળાજી પોલીસે બ્રેઝા કારમાં આવેલા ૪ શકમંદ અને અન્ય બે અજાણ્યા ઈસમો સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. રાજસ્થાન ઉદેપુરના મહારાજકી ખેડી ગામના અને મુંબઈમાં દૂધનો ધંધો કરતા શંકર બદ્રીલાલ ડાંગી મુંબઈથી ફાલ્કન ટ્રાવેલ્સની લકઝરી બસમાં વતન જતા લકઝરી બસ ચા-નાસ્તા માટે શામળાજી નજીક આસોપાલવ હોટલ આગળ ઉભી રહેતા વેપારી ફ્રેશ થવા નીચે ઉતરતા લકઝરી બસમાં રહેલા તેમના થેલામાંથી બ્રેઝા કારમાં આવેલ ગેંગનો એક સાગરીત ૪.૭૦ લાખ રૂપિયાની ચોરી કરી ફરાર થઈ જતા વેપારી હોફાળો ફોફાળો બન્યો હતો શામળાજી પોલીસને જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી હોટલના સીસીટીવી રેકોર્ડિંગ તપાસતા એક શંકાસ્પદ બ્રેઝા કાર જોવા મળતા પોલીસે વેપારીની ફરિયાદના આધારે બ્રેઝા કારમાં આવેલા ચાર શખ્સો સામે ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. અન્ય એક બનાવામાં શામળાજી નજીક આવેલી ક્રિષ્ના હોટલ આગળ પાર્ક કરેલી લકઝરી બસમાં મુસાફરી કરતા મુસાફરના ૧૫ તોલા સોનાના દાગીનાની ચોરી થઈ હતી સુરતમાં કપડાનો વ્યવસાય કરતા અને રાજસ્થાન ઉદેપુર ગોગુન્દ્રાના ભગવતીલાલ ચુનીલાલ સૂનારા તેમના પરીવાર સાથે વતનમાં લગ્નપ્રસંગમાં હાજરી આપી પરત ઉદેપુરથી રાજગુરૂ ટ્રાવેલ્સમાં સુરત ફરતા લકઝરી બસ ક્રિષ્ના હોટલ આગળ ઉભી રહેતા ભગવતી લાલ ફ્રેશ થવા નીચે ઉતરતા તેમના થેલામાં રહેલા રૂ.૭.૫ લાખના ૧૫ તોલા સોનાના દાગીના બે અજાણ્યા ઈસમો ચોરી કરી ફરાર થઈ જતા ભગવતી લાલે શામળાજી પોલીસ સ્ટેશનમાં બે શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

બુટલેગરોના આતંકથી પોલીસની આબરૂ બચાવવાનો વિકલ્પ શોધો

શામળાજી-વિજયનગર પોલીસ સ્ટેશન બી.એસ.એફ.ને હવાલે કરો..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના દારૂ ઘુસાડવા માટેના બે મુખ્ય દ્વાર શામળાજી અને વિજયનગરની રાણી ચેકપોસ્ટ કુખ્યાત બન્યા છે. બુટલેગરોના આતંકથી પોલીસની આબરૂનું ધોવાણ થઈ રહ્યું છે. શામળાજી પોલીસ સ્ટેશનની હદમાં બુટલેગરોએ જાબાંજ પી.એસ.આઈ., વાળાને કચડી નાખી મોતને ઘાટ ઉતાર્યા પછી પણ અન્ય પોલીસ કર્મીઓને બંધક બનાવી સરકારી હથિયારો છીનવી લેવામાં આવ્યા હતા. શામળાજી પોલીસ સ્ટેશનની હદમાં જ બુટલેગરોએ ૭ થી વધુ પોલીસ ઉપર હુમલા કર્યા છે. જ્યારે વિજયનગર પોલીસ ઉપર પણ અત્યાર સુધીમાં ૩ હુમલા નોંધાયા છે ત્યારે અતિસંવેદનશીલ શામળાજી અને વિજયનગર પોલીસ સ્ટેશન રાજ્યના ગૃહ વિભાગે બી.એસ.એફ.ના હવાલે કરવું જેથી બુટલેગરો સીધાદોર થઈ જાય.

બનાસડેરી હવે વધુ દૂધ ઉત્પાદન કરવી શકશે, સણાદરમાં નવી ડેરી બનવાથી મિલ્ક હોલીડે હવે નહિ રખાય

ડેરી ખેડૂતો પાસેથી ૧ રૂપિયે કિલો રોજનું ૪૦ હજાર કિલો છાણ ખરીદી વાહનમાટેનું ગેસ ઉત્પાદન કરેછે : ખેડૂતો પાસેથી બટાટાનું કોટ્રાક્ટ ફાર્મિંગ કરાવી પોષણ ક્ષમ ભાવો આપી સમૃદ્ધિના દ્વાર ખોલશે..!

પાલનપુર તા. ૨૧

બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર ખાતે એશિયાની સૌથી મોટી બનાસડેરીમાં દૈનિક દૂધની આવક ૩૦ લાખ લીટરથી ૯૦ લાખ લીટરે પહોચી છે. દૂધની આવક જો બજારમાં ન વેચાય તો દૈનિક રૂપિયા ૩૦ કરોડનું પશુપાલકોને નૂકશાન થાય તેવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યુ હતુ. જે ન થાય તે માટે નવી ડેરીનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બનસકાંઠા જિલ્લાના દિયોદર નજીક સણાંદરમાં નવી ડેરીનું લોકાર્પણ કર્યુ હતુ.

હવે આ નવો પ્લાન્ટ બનાસકાંઠા જીલ્લા અને પશુપાલકોને દૂધ ઉપરાંત બટાકા અને તેની વિવિધ પ્રોડકટ, ગોબર ગેસ, આઈસ્ક્રીમ, બટર, દૂધ પાવડરના વેચાણ થકી સમૃધ્ધિમય બનાવશે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,બનાસકાંઠા જીલ્લા મથક પાલનપુર સ્થિત એશિયાની સૌથી મોટી બનાસડેરીમાં દૈનિક દૂધ ઉત્પાદનની ક્ષમતા જે ૬૦ લાખ લીટરની છે. ત્યાં દૈનિક દૂધની આવક ૯૦ લાખ લીટર થઈ છે. જેના કારણે સ્થિતિ એવી નિર્માણ થતી હતી કે, વધારાનું દૂધ જો બજારમાં ન જાય તો પશુપાલકો પાસેથી દૂધ લેવાનું બંધ રાખવું પડતું હતુ. ડિસેમ્બર માસમાં આવું બની ચૂકયું હતુ. જેનાથી પશુપાલકોને દૈનિક રૂપિયા ૩૦ કરોડનું નૂકશાન થતું હતુ. આથી બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ દિઘર્દ્રષ્ટિ વાપરી દિયોદરના સણાદરમાં બનાસડેરીના નવા પ્લાન્ટ સ્થાપવાની શરૂઆત કરી હતી. જયાં વધારાનું દૂધ મોકલવામાં આવશે. ગોબરગેસના વેચાણથી વિદેશી હૂંડીયામણ બચી રહ્યું છે. વળી છાણનો ઉપયોગ ઓર્ગેનીક ખેતીમાં કરવામાં આવી રહ્યો છે.જે પાકના ભાવ વધુ મળતાં ખેડૂતોને તેનો પણ લાભ મળી રહ્યો છે. ૩ લાખથી વધુ મહિલાઓને ઉપસ્થિત રાખવામાં સફળ રહેલા શંકરભાઈ ચૌધરીનું રાજકીય કદ સણાદર ડેરીના લોકાર્પણ બાદ વધી ગયું હોવાની ચર્ચાઓ તેજ બની હતી, કેટલાકે તો ઈવેન્ટને શંકરભાઈનું શક્તિ પ્રદર્શન હોવાનું પણ ગણગણાટ કર્યો હતો, મોદીએ પણ પોતાના સ્પીચની શરૂઆતમાં શંકરભાઈને મારા ઉર્જાવાન સાથી તરીકે સંબોધિત કર્યા હતા અને બનારસમાં ડેરી સંકુલના ખાતમુહૂર્ત કરવાની ઘટના દોહરાવી જિલ્લા સાથે નાતો વધુ ઘનિષ્ટ બન્યો હોવાનું જણાવ્યું હતું.

પ્રાંતિજ ભાંખરીયા તળાવમાંથી ગેરકાયદેસર રીતે બેધડક માટીનું ખનન

પ્રાંતિજ તા.૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન પાસે આવેલ ભાંખરીયા તળાવ માંથી રાત્ર-દિવસ બેધડક માટી નુ ખન્ન થઈ રહ્યુ છે ત્યારે જવાબદાર તંત્ર બધુ જાણતુ હોવા છતાંય આંખઆડા કાન કરતુ તેવુ સ્પષ્ટ પણે હાલતો લાગી રહ્યુ છે. પ્રાંતિજ ભાંખરીયા તળાવ માંથી રાત્ર-દિવસ તળાવ ની માટી નુ બેધડક ખન્ન થઈ રહ્યુ છે જ્યારે એજન્સી ઓવરલોડ ટર્બાઓમાથી ધૂળ ઉડતા ભાખરીયા વિસ્તાર માં આવેલ લારી-ગલ્લાઓ દુકાન ના વેપારીઓ ધુળ-ધુળથઈ જાય છે ત્યારે ભાંખરીયા પોલીસ ચોકી થી ૫૦૦ મીટર નુ અંતર હોવાછતાંય અને ચોકી આગળ થી પ્રસાર થતા હોવાછતાંય તેવો પણ આંખ આડા કાન કરતા હોય તેવુ લાગી રહ્યુ છે ત્યારે હાલતો નિયમોને નેવે મૂકીને વગર પાસ પરમીટે ખન્ન ની જગ્યા સિવાય અન્ય જગ્યાએ તળાવ મા ખોદકામ થઈ રહ્યુ છે ત્યારે હાલતો જવાબદાર અધિકારીઓ એકબીજા ને ખોઓ આપી જવાબદારીથી ભાગતા જોવા મળ્યા હતા ત્યારે હવે જોવુ એ રહ્યુ કે એંસીમા બેઠેલ જવાબદાર અધિકારીઓ ગરમીમા બહારઆવી એક્શન લેશે કે શુ એતો હવે જોવુ રહ્યુ.

> પ્રાંતિજ મામલતદાર વિધી બેન પટેલ ને પુછતા તેમણે જણાવ્યુ કે હુ આ અંગે ખાનખનીજ વિભાગ મા પુછીને વાત કરૂ છુ

> ખાનખનીજ અધિકારી સુભાષભાઇ જોષી ને આ અંગે પુછતા તેવોએ જણાવ્યુ કે સ્થાનિક લેવલે મામલતદાર ના અધિકાર છે હુ આજે બહાર છુ

> નગરપાલિકાના ચીફ ઓફિસર હિરેન સોલંકી ને આ અંગે પુછતા તેવોએ પણ જણાવ્યુ હતુ કે આમા અમારો કોઈ રોલ હોતો નથી અમારે તો માત્ર એનઓસી આપવાની હોય છે

જન્મદિને વધામણી

ડો. કૃતિકભાઈ પી.શાહ
બાયડ જી.અરવલ્લી

પ્રકાશભાઈ એન. પટેલ
વેદમૂર્તિ જિનિંગ ,સાઠંબા
હઠીપુરા તા.બાયડ

પ્રબોધ એમ.પટેલ
શિવ શક્તિ સીડ્સ
એજન્સી, મોડાસા મોડાસા
જિલ્લો અરવલ્લી

પ્રકાશભાઈ લવજીભાઈ
પટેલ
વિરલ ઓટો એજન્સી
બાયડ જીલ્લો અરવલ્લી